## આપનું સપ્તાહ કેવું જશે? તા.૦૯/૦૩/૨૦૨૬ થી તા.૧૫/૦૩/૨૦૨૬ સુધી

લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં આર્થિક અને સામાજિક બાબતે પ્રગતિને તક મળશે. ઉઘરાણી આવી શકે છે. ભાગીદારીની યોજનામાં પ્રગતિ થાય. કરેલા રોકાણનું વળતર મળે. મહેનતનું ફળ જોવા મળે. નોકર-ચાકર ચોર-લૂંટારુથી સાવધાન. ઘર કે મિલકત બાબતે પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. પરિવારની મદદથી નવા વેપાર ધંધાનું આયોજન પાર પડે. ધાર્મિક પ્રવાસ થાય.

**વૃષભ (બ,વ,ઉ):** સપ્તાહ ખર્ચા પર કાબૂ રાખવાનું સૂચવે છે. મોજ-શોખ પાછળ ખર્ચા વધશે. નોકરીમાં નવી તક ઊભી થાય. ઘર પરિવારની સમસ્યાનું સમાધાન થાય. ઉંમરલાયકના વિવાહ થાય. રોજની આવક વધે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. ખાવા-પીવા-મોજશોખ માટે પાર્ટીનું આયોજન થાય. વારસા બાબતે પ્રગતિ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. શિક્ષણમાં પ્રગતિ.

**મિથુન (ક,છ,ઘ):** ચાલુ વીકમાં પ્રેમમાં નવી ઉમ્મીદ ઊભી થાય. અચાનક ભેટ-સોગાદથી ખુશી વધશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સરકારી નોકરીની તક ઊભી થાય. કરેલી મહેનતનું ફળ મળે. હરીફોથી સાવધાન રહેવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો.સમાજજીવનમાં યશ મળે. સામાજિક જવાબદારીઓ વધે. ખાવા-પીવા બાબતે સાવધાન રહેવું. અચાનક ભાગ્યનો સાથ મળે.

**કર્ક (ડ,હ):** સપ્તાહ દરમિયાન સંપત્તિના સોદા થઈ શકે છે. નવી મિલકતની યોજનામાં વડીલોનો સાથ મળે. આત્મવિશ્વાસ વધે તેવા સમાચાર મળે. ઘર, વાહન બાબતે પ્રગતિ થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. પ્રેમમાં સાથ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. મિત્રો સાથે નવી વધારાની આવક વધારવાની યોજના પાર પડે. નોકરીમાં પ્રમોશન મળે. સમાજમાં યશ અને આવકમાં વધારો.

**સિંહ (મ,ટ):** ચાલુ વીકમાં મનોરંજન પ્રવાસ થાય. મિત્રો, ભાઈ-બહેન સાથે આવક વધારવાની તક મળે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. મિલકતની લે-વેચની યોજના પાર પડે. જમીન-મકાન વગેરેનાં કામ પાર પડે. પ્રેમમાં સાથ મળે. પ્રેમવિવાહની શક્યતા વધે. વિદ્યાર્થીઓની પરીક્ષા સફળ રહે. નવા આર્થિક રોકાણમાં મદદ મળે. નોકરીમાં પ્રમોશન થાય. સરકારી યોજનાનો લાભ મળે.

**કન્યા (પ,ઠ,ણ):** સપ્તાહ દરમિયાન આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. વિદ્યાર્થીઓએ અભ્યાસમાં મનને લગાવી રાખવું. માનસિક અશાંતિ અને વિચારોમાં બદલાવ આવ્યા કરશે. વાણી-બુદ્ધિ વ્યવહાર અને માર્કેટીંગને લગતા કામમાં સફળતા મળે. પ્રવાસ, ટેકનોલોજી, દલાલી જેવા કામમાં લાભ થાય. પોતાની ઓળખ ઊભી કરવાની તક મળી શકે છે. ધીરજ રાખવી.

**તુલા (ર,ત):** સપ્તાહ દરમિયાન વડીલોની સલાહ માનતા રહેવું. મન વધુ પડતું સક્રિય અને ક્રિએટીવ રહેશે. સમાજ અને કુટુંબમાં જવાબદારી વધશે. આવક વધારવાની યોજના પાર પડે. ખાણી-પીણી મોજ-શોખ, દલાલી, શિક્ષણ, પ્રવાસ, ટેકનોલોજીને લગતા ધંધામાં લાભ થાય. વધારાની આવકની યોજનામાં મિત્રો મદદરૂપ બને. બહારનાં કામ સરળ રહે.

**વૃશ્ચિક (ન,ય):** સપ્તાહ ખર્ચાળ અને મનોરંજન પ્રવાસ તથા સમાજસેવાના કામમાં પસાર થશે. કોર્ટ, કચેરીમાં સાવધાન. વિદેશનાં કામ થાય. ધાર્મિક યાત્રાના કામમાં તક મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવી નોકરીની યોજના પાર પડે. દાંપત્યજીવનમાં તાલમેળથી કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. આવક વધે. ખાણી-પીણીના ધંધામાં પ્રગતિ થાય. માનસિક પીડા સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** સપ્તાહ આર્થિક પ્રગતિ માટે અનુકૂળ છે. મિત્રો સાથે મનોરંજનની સાથે સામાજિક અને સંતાનોનાં કામ પાર પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશથી લાભ થાય. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. સરકારી યોજનાનો લાભ થાય. માનસિક અશાંતિ વધે. અચાનક શુભ સમાચાર મળે. નવી જવાબદારીથી યશ મળે. કૌટુંબિક સમસ્યા સતાવશે.

**મકર (ખ,જ):** ચાલુ વીકમાં આવક વધે. ધંધામાં નવી યોજના બને. નવી નોકરીની શક્યતા રહે. પ્રેમમાં ઉત્સાહજનક પ્રગતિ અને ભેટથી મનને શાંતિ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. નવાં રોકાણ થાય. ગુપ્ત શત્રુઓથી સાવધાન. સંતાન ચિંતા રહે. વિદેશનાં કામ થાય. આરોગ્ય સુધરે. પ્રવાસના કામમાં પ્રગતિ થાય. સમાજજીવનમાં યશ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. નવા વિચારોથી નવી તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ):** સપ્તાહ દરમિયાન તમારા કામનાં હકારાત્મક પરિણામ મળે. આગળ કરેલા રોકાણનો લાભ મળે. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. પિતા સાથે ઘર્ષણ ટાળવું. ઉપરી વર્ગનો સાથ મળે. નવી યોજનામાં નવું શીખવા મળે. નવા કામની શરૂઆત થાય. સમાજમાં યશ મળે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. સ્ત્રી વર્ગથી લાભ થાય. પ્રેમમાં ઉત્સાહજનક સાથ મળે. અભ્યાસમાં પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ):** ચાલુ વીકમાં નવા રોકાણમાં ઉતાવળ કરવી નહીં. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. ઉચ્ચ શિક્ષણ, આયાત-નિકાસ, વિદેશપ્રવાસને લગતાં કામ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોને મળવાનું બને. ધંધામાં આવક વધે. નોકરીમાં જવાબદારી વધે. પિતાનો સાથ મળે. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. ઈર્ષાળુ મિત્રોથી સાવધાન, વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. સ્ત્રી મિત્રોથી સાવધાન. શેર બજારમાં ધીરજ.

# ગુજરાતમાં આજથી ચાર દિવસ હિટવેવની આગાહી

### ભૂજ, રાજકોટ અને સુરેન્દ્રનગરનું તાપમાન 39 ડિગ્રી નોંધાયું

ગાંધીનગર : રાજ્યમાં ઉનાળાની શરૂઆત સાથે જ ગરમીનો પ્રભાવ વધતો જઈ રહ્યો છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ આજે રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 35થી 39 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. સૌથી વધુ 39 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ભૂજમાં નોંધાયું, જ્યારે લઘુત્તમ તાપમાન કેશોદમાં 16.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. બીજી તરફ કેશોદમાં વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ રહેતાં લઘુત્તમ તાપમાન 16.3 ડિગ્રી આસપાસ નોંધાયું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ ભૂજમાં 39 ડિગ્રી, રાજકોટમાં 39 ડિગ્રી અને સુરેન્દ્રનગરમાં પણ 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં 38 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કેશોદમાં 37 ડિગ્રી, ડીસામાં 37 ડિગ્રી તેમજ સુરતમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 35 ડિગ્રી, મહુવામાં 34 ડિગ્રી, કંડલા પોર્ટ પર 35 ડિગ્રી અને કંડલા એરપોર્ટ પર 36 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. પોરબંદર અને દમણમાં 32 ડિગ્રી તેમજ વલ્લભ વિદ્યાનગરમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા ઓછી છે. સાથે સાથે લઘુત્તમ તાપમાનમાં પણ આગામી દિવસોમાં 2થી 3 ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને 9 અને 10 માર્ચ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં, જ્યારે 9થી 11 માર્ચ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે, જેના કારણે લોકોને ઉકળાટભર્યું વાતાવરણ અનુભવાઈ શકે છે.

હવામાન વિભાગે વધુમાં આગાહી કરી છે કે 9થી 12 માર્ચ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં હીટવેવ જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. ખાસ કરીને રાજકોટ અને કચ્છ જિલ્લામાં તેમજ અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, વડોદરા અને સુરત જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ગરમીની લહેર જોવા મળી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ અને કચ્છ જિલ્લાઓમાં પણ હીટવેવની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે લોકોને ખાસ કરીને બપોરના સમયે સાવચેતી રાખવા, પૂરતું પાણી પીવા અને તીવ્ર ગરમીથી બચવા માટે જરૂરી તકેદારી રાખવાની સલાહ આપી છે.

## રાજકીય હત્યાના યોગ અને આયાતુલ્લા ખામેની

રાજકીય હત્યા યોગ- કુંડલીમાં જ્યારે લગ્નેશ અને અષ્ટમેશ નિર્બળ અને રાહુ-મંગળ- શનિ તથા સૂર્યનો સંબંધ છ, આઠ અને બારમા અને તેના માલિક સાથે થતો હોય ત્યારે ષડયંત્ર કે અસ્વાભાવિક મૃત્યુ અથવા રાજ્ય કે સરકાર દ્વારા પ્રાણદંડના યોગ બનતા હોય છે અને તેવી શક્યતા વધી જતી હોય છે.

દુનિયાના શક્તિશાળી નેતામાંના એક અલી ખામેની જે ઈરાનના સુપ્રીમ લીડર હતા તેમની કુંડલીમાં આ ષડયંત્ર યોગ થાય છે. તેમનો લગ્નેશ ચંદ્ર ફક્ત શૂન્ય અંશનો છિદ્ર અવસ્થા અને ગંડાતયુક્ત અવસ્થામાં સૂર્ય સાથે દસમે અમાવસ્યાનો બિલકુલ નિર્બળ છે અને રાહુ કેતુ સાથેના યોગમાં અશુભ બને છે તથા અષ્ટમેશ શનિ ભાગ્યમાં બારમા અને ત્રીજાના માલિક બુધ તથા છઠ્ઠાનો માલિક ગુરુ સાથે અસ્તનો રેવતી નક્ષત્રના ચોથા ચરણમાં ગંડાત દોષ અઠ્ઠાવીસ અંગનો નિર્બળ બને છે. આ રીતે જ્યોતિષશાસ્ત્રનો આ પ્રથમ નિયમ સાબિત થાય છે.

આયાતુલ્લાહ અલી ખામેનીનું કર્ક લગ્ન ફક્ત આઠ અંશનું પુષ્ય નક્ષત્રનું નિર્બળ છે. તેમની કુંડલીમાં ચોથે રાહુની સામે દસમે સૂર્ય ચંદ્ર કેતુ છઠ્ઠે મંગળ, આઠમે શુક્ર અને નવમે બુધ, ગુરુ અને શનિ તથા લગ્નમાં કર્કનો પ્લુટો બીજે નેપચ્યુન અને દસમે હર્ષલની મૂળ કુંડળી કાળસર્પયોગવાળી છે.

ખામેનીની ચલિત કુંડલી વધુ અશુભ ષડયંત્ર માટે બને છે. લગ્નમાં પ્લુટો, ત્રીજે નેપચ્યુન, પાંચમે રાહુ, સાતમે મંગળ, નવમે બુધ, ગુરુ અને શુક્ર દસમે સૂર્ય-ચંદ્ર અને શનિ તથા અગિયારમે કેતુ અને હર્ષલ, અહીં અષ્ટમેશ શનિનો યોગ પ્રથમ ભાવના સ્વામી ચંદ્ર સાથે અને મંગળની દૃષ્ટિમાં જ્યોતિષના નિયમ પ્રમાણે ષડયંત્ર દ્વારા મૃત્યુના યોગ કે અસ્વાભાવિક રાજકીય ષડયંત્રના યોગ કરે છે. હાલમાં અષ્ટમેશ શનિની મહાદશામાં બારમા અને ત્રીજાના માલિક નીચના બુધની અંતરદશા અને પ્રતિ અંતર દશા પણ અશુભ યોગને બળ આપનારી છે. કર્ક લગ્નમાં સૂર્ય શનિની સાથે બુધ સહાયક મારક બને છે. તા. 14-11-2025 થી તા. 03-04-2026 સુધીની પ્રતિ અંતરદશા આ બુધના ષડયંત્રને અંજામ આપનાર બનતી હતી.

મારકેશ સૂર્ય દસમે ઉચ્ચનો રાહુ-કેતુ અને નિર્બળ ચંદ્ર સાથે ગંડાત રાશિ અને નક્ષત્રમાં છે. સૂર્ય સત્તાનો કારક છે. તેમજ દસમા સ્થાનનો પણ તે કારક છે. જ્યોતિષના નિયમ પ્રમાણે સૂર્યનો કારક ભાવમાં નિર્બળ અને અશુભ બને તો રાજાનું મૃત્યુ ષડયંત્રથી થાય. ખામેનીની કુંડલીમાં આ યોગ પણ સાબિત થાય છે.

મંગળ-શનિ જે શસ્ત્ર અને ષડયંત્રને બળ આપનાર ગ્રહો જો છ, આઠ અને બાર સાથે સંબંધ ધરાવે તો શસ્ત્રથી હત્યાના સંકેત આપે છે. મૂળ કુંડલીમાં મંગળ છઠ્ઠે છે અને ચલિતમાં સાતમે શનિની દૃષ્ટિમાં મૂળ કુંડલીમાં શનિ આઠમાનો માલિક થઈને બારમાના માલિક બુધ સાથે નવમે છે અને ચલિતમાં શનિ દસમે છે. વિશ્વાસઘાતથી અચાનક હુમલામાં મૃત્યુનો કારક બને છે. રાહુથી પીડિત સૂર્ય અણધાર્યા હુમલાના યોગ કરે છે.

નિયમ પ્રમાણે જો સૂર્ય રાહુથી પીડિત હોય અને અષ્ટમેશ નિર્બળ હોય તો ષડયંત્રથી અચાનક હુમલામાં મોત થાય છે. સૂર્ય-રાહુનો યોગ જો દસમા સ્થાનમાં થાય તો આ ષડયંત્ર યોગ ઘાતક સાબિત થાય છે. દસમા સ્થાનનો માલિક જે સત્તા કે રાજયનો કારક બનતો હોય છે જે તે છ, આઠ, બારના પ્રભાવમાં આવે તો રાજકીય હત્યાના યોગ પ્રબળ બને છે. અહીં દસમાનો માલિક મંગળ છઠ્ઠે શનિ જે આઠમાનો માલિક છે તેની દૃષ્ટિમાં છે. ચલિતમાં પણ આ દૃષ્ટિયોગ પ્રબળ બને છે. ઉપરાંત છઠ્ઠાનો માલિક ગુરુ, ભાગ્યમાં આઠ અને બારના માલિક સાથે છે જે પણ જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે રાજકીય ષડયંત્રમાં હત્યાના યોગ કરે છે. તા. 21-02-2026 થી તા. 01-03-2026 સુધીની સક્ષમ દશા ગુરુની હતી. કર્ક લગ્નમાં ગુરુ શુભ ફળ આપતો હોય છે પણ અહીં ગુરુ ફક્ત બે અંશનો છિદ્ર અવસ્થાનો અને અશુભ માલિકોના સાથે ખુદ મારક બને છે માટે ગુરુ જે તારક છે તે બચાવી શક્યો નહીં. કોઈ પણ કુંડલીમાં લગ્નેશ બળવાન હોવો જરૂરી છે. ખાસ કરીને સત્તા સાથે જોડાયેલા લોકોનો અને કોઈ પણ શુભ ફળ આપનાર જ્યારે શૂન્યથી ત્રણ અંશની વચ્ચેનો હોય ત્યારે તે શુભ ફળ આપી શક્તો નથી. તે અશુભ ફળને રોકી શકતો નથી. ખામેનીની કુંડલીમાં સૂર્ય, ચંદ્ર, ગુરુ, શુક્ર- શનિ અંશાત્મક રીતે નિર્બળ એટલે કે છિદ્ર અવસ્થાના છે. માટે ષડયંત્રમાં બચાવ થયો નહીં.

તેમની પ્રેષ્કોણ કુંડલી પણ કર્ક લગ્નની છે. સત્તાનો કારક સૂર્ય અહીં પણ દસમે ઉચ્ચનો છે. લગ્નેશ ચંદ્ર પણ દસમે છે જે સત્તાના કારણે હત્યાનો યોગ કરે છે. મંગળ બીજે કેતુ સાથે રહીને સૂર્ય સાથે પરિવર્તન યોગ કરે છે. પ્રેષ્કોણમાં આઠમે રાહુ અને સામે મંગળનો અંગારક યોગ, સૂર્ય-મંગળના પરિવર્તનથી પણ અંગારક થોડા જે ભયંકર આગમાં ભસ્મીભૂતના યોગ કરે છે. ગોચરમાં આઠમું સ્થાન ખૂબ જ સક્રિય હતું. સામાન્ય રીતે આઠમું સ્થાન ચોવીસે કલાક સક્રિય રહેતું હોય છે. કારણકે તે આયુષ્યસ્થાન છે જ્યારે નકારાત્મક સક્રિયતા વધી જાય છે ત્યારે આકસ્મિક ઘટના ઘટતી હોય છે. જે ક્યારેક પ્રાણઘાતક હોય છે. ખામેની પરના હુમલા વખતે આઠમા સ્થાનમાં સૂર્ય, મંગળ, બુધ, શુક્ર અને રાહુનો યોગ અતિ સક્રિય અશુભ યોગ કરતો હતો. ઉપરાંત સામે સિંહ રાશિમાં ખગ્રાસચંદ્ર ગ્રહણ આકાર લઈ રહ્યું હતું. ટૂંકમાં ષડયંત્રને સક્રિય કરનાર યોગ, પ્રબળ બનતા હતા. માટે તેમની સુરક્ષા કોઈ કામ આવી નહીં.

# સુરત ઈકોનોમિક રિજિયન માટે 1185 કરોડ મંજૂર

### સીએમ ભૂપેન્દ્ર પટેલે મંજૂર કરેલા ફંડનો ઉપયોગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે કરાશે

ગાંધીનગર : વિકસિત ગુજરાત@2047ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે વિકસાવવામાં આવી રહેલા સુરત ઈકોનોમિક રિજિયન (SER) માં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે 1185 કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે. આ યોજના હેઠળ કુલ 383 કિલોમીટર લંબાઈમાં 24 માર્ગોના સુધારણા અને અપગ્રેડેશનના કામો હાથ ધરવામાં આવશે. પીએમ નરેન્દ્ર મોદીએ આપેલા વિકસિત ભારત@2047ના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વિકસિત ગુજરાત@2047નો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (ગ્રીટ) દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિજુઅલ અને ઈન્સ્ટિટ્યુશન આધારિત લાંબા ગાળાના વિકાસ માટે આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન અંતર્ગત રાજ્યમાં 6 ગ્રોથ હબ વિકસાવવાના રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરાયા છે. તેમાં દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન માટે સૌપ્રથમ 1185 કરોડ રૂપિયાના રોડ વિકાસના કામોને મંજૂરી આપવામાં આવી છે.

### ટેક્સટાઇલ, ડાયમંડ કેમિકલ ઉદ્યોગનો સીધો લાભ

આ વિકાસ પ્રોજેક્ટના પરિણામે સુરત, તાપી, વલસાડ, ભરૂચ અને નવસારી જિલ્લાના ઔદ્યોગિક હબ તથા જી.આઇ.ડી.સી. વિસ્તારોને જોડતા માર્ગોમાં સુધારણા થવાથી લોજિસ્ટિક્સ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ બનશે. માલસામાન અને શ્રમિકોની અવરજવર સરળ બનતા ટેક્સટાઇલ, કેમિકલ, પેટ્રોકેમિકલ અને ડાયમંડ ઉદ્યોગોને સીધો લાભ મળશે.સાથે સાથે કડોદ, કડોદરા, જોલવા, માંગરોળ, કોસંબા અને તડકેશ્વર જેવા મહત્વના જી.આઇ.ડી.સી. વિસ્તારોની કનેક્ટિવિટી મજબૂત થવાથી ઔદ્યોગિક વિસ્તરણને પણ વેગ મળશે. ફિશરીઝ, હજીરા પોર્ટ, સુગર ફેક્ટરી, સુમુલ ડેરી તેમજ માઇનિંગ અને લિગ્નાઇટ જેવા ઉદ્યોગોને પણ આ સુધારેલા માર્ગોનો લાભ મળશે.

**આ રિજિયનમાં આવેલા જિલ્લા**

**સુરત - ભરૂચ**
**નવસારી - વલસાડ**
**તાપી - ડાંગ**

## અનુસંધાન ... પાના પહેલાનું

### ઇરાનના ઓઇલ ડેપો...

દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું કે પાંચ સુવિધાઓને નુકસાન થયું હતું જો કે આગ કાબૂમાં લેવામાં આવી હતી. તેહરાનમાં ઇઝરાયલી હુમલાઓમાં ડેપોમાંથી તેલ છલકાયું હતું જે રાજધાનીના ગટર વ્યવસ્થાના ભાગોમાં લીક થયું હતું, જેના કારણે સાક્ષીઓએ શહેરની શેરીઓમાં "આગની નદી" તરીકે વર્ણવી હતી.

લિવિંગ ઈન તેહરાન એકાઉન્ટ દ્વારા શેર કરાયેલા વિડીયોમાં રસ્તાના કિનારે આગની જ્વાળાઓ દેખાઈ રહી છે. ઈરાની તેલ મંત્રાલયે અગાઉ પુષ્ટિ કરી હતી કે રાજધાનીની પશ્ચિમે અલ્બોર્ઝ પ્રાંતમાં કારાજ સહિત ત્રણ સ્થળોએ ઇંધણ ડેપોને અસર થઈ હતી. એક અહેવાલ મુજબ, તેહરાન અને અલ્બોર્ઝ પ્રાંતમાં તેલ સુવિધાઓ પર ઇઝરાયલી હુમલાઓ પછી ઓછામાં ઓછા ચાર ટેન્કર ડ્રાઇવરો માર્યા ગયા હતા. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હુમલાઓમાં ચાર તેલ સંગ્રહ ડેપો અને એક ઉત્પાદન ટ્રાન્સફર સેન્ટરને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે કટોકટી ટીમો હુમલાઓને કારણે લાગેલી આગને કાબુમાં લેવા માટે કામ કરી રહી છે. અધિકારીઓએ એમ પણ જણાવ્યું હતું કે નુકસાન છતાં અસરગ્રસ્ત વિસ્તારોમાં બળતણ વિતરણ ખોરવાયું નથી.

### નીતિશ કુમારના...

પિતાએ બિહારના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી તરીકે છેલ્લા વીસ વર્ષમાં રાજ્ય માટે ઘણું કામ કર્યું છે. તેમણે કહ્યું કે રાજ્યના લોકો રાજ્યના વિકાસમાં મુખ્યમંત્રીના યોગદાનને ક્યારેય ભૂલશે નહીં.

નિશાંતે કહ્યું, "હું દરેકનો આભાર માનું છું. તમે બધાએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેનું હું સન્માન કરીશ. દેશ, આપણા રાજ્ય અને મને મારા પિતાએ છેલ્લા 20 વર્ષમાં જે કર્યું છે તેના પર ગર્વ છે. હું મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યોને જનતા સુધી લઈ જઈશ. જેડીયુ કાર્યાલય પર આગમન સમયે નીતીશના પુત્રનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પાર્ટીના હોદ્દેદારો ઓફિસની બહાર એકઠા થયા હતા અને પાર્ટીના ઝંડા લહેરાવતા અને ઢોલ વગાડતા જોવા મળ્યા હતા. પાર્ટીના કેટલાક કાર્યકરો શણગારેલા ઘોડાઓ પર સવાર થઈને આવ્યા હતા અને 'નિશાંત હૈ તો નિશ્ચિંત હૈ' લખેલા પ્લેકાર્ડ્સ હાથમાં રાખ્યા હતા. જેડીયુ મુખ્યાલય તરફ જતો રસ્તો નિશાંત કુમાર અને તેમના પિતા નીતીશ કુમારના પોસ્ટરોથી ભરાઈ ગયો હતો. નીતીશ કુમારના નજીકના સાથી જેડીયુના ધારાસભ્ય હરિ નારાયણ સિંહે શનિવારે જણાવ્યું હતું કે તેમના પિતાના રાજીનામા બાદ બનનારી નવી સરકારમાં નિશાંતને ડેપ્યુટી સીએમ બનાવવાનો સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો છે.

### આજથી સંસદનું...

સઘન સુધારા (એસઆઈઆર)ના પરિણામો, જેના કારણે લગભગ 60 લાખ મતો રદ કરવામાં આવ્યા છે, તેની અસર પણ સંસદીય કાર્યવાહી પર જોવા મળી શકે છે.

બિરલા વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ અનેક વિપક્ષી નેતાઓ દ્વારા આપવામાં આવ્યો હતો, જેમણે આરોપ લગાવ્યો હતો કે તેઓ ગૃહમાં 'દેખીતી રીતે પક્ષપાતી' રીતે વર્ત્યા હતા.

વિપક્ષે સ્પીકર પર કોંગ્રેસના સભ્યો વિરુદ્ધ અમુક ખોટા દાવા કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, જ્યારે બિરલાએ લોકસભામાં કેટલીક 'અનપેક્ષિત કાર્યવાહી' વિશે વાત કરી હતી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવની ચર્ચાનો જવાબ આપવા ગૃહમાં ન આવવા જણાવ્યું હતું.

બિરલાએ નોટિસ સબમિટ થયાની તારીખથી ગૃહની કાર્યવાહીમાંથી પોતાને દૂર રાખ્યા છે અને લોકસભા સચિવાલયે જણાવ્યું છે કે, તેઓ એજન્ડાના નિકાલ પછી જ પરત ફરશે.

શનિવારે વડા પ્રધાન મોદીએ બિરલાનું સમર્થન કરતાં કહ્યું હતું કે, તેઓ તમામ સંસદસભ્યોને સાથે લઈને ચાલ્યા છે અને બંધારણ તથા સંસદીય લોકશાહીના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ છે.

અવિશ્વાસની નોટિસ સિવાય, ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા અને પશ્ચિમ એશિયામાં વધતી જતી તણાવની સ્થિતિ, જેના કારણે ક્રૂડ ઓઈલના પુરવઠામાં અવરોધ અને ભાવમાં વધારો થયો છે, તે પણ સત્ર દરમિયાન ચર્ચામાં આવવાની શક્યતા છે. વિપક્ષ આ મામલે સરકારની નીતિ પર સવાલ ઉઠાવે તેવી અપેક્ષા છે.

### નેપાળમાં ઇતિહાસ...

રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીએ સીધી રીતે ચૂંટાયેલી ૧૬૫ બેઠકોમાંથી ૧૨૦ બેઠકો જીતી લીધી છે, જ્યારે અન્ય છ બેઠકો પર તે આગળ ચાલી રહી હોવાનું ચૂંટણી પંચે જણાવ્યું છે.

ચૂંટણી પંચે રવિવારે સાંજે ૫:૩૦ વાગ્યા સુધીમાં ૧૬૫ માંથી ૧૫૬ બેઠકોના પરિણામો જાહેર કરી દીધા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર માત્ર નવ બેઠકોના પરિણામ બાકી છે, જે રવિવાર મોડી રાત સુધીમાં અથવા સોમવાર સવાર સુધીમાં પૂર્ણ થઈ જશે. ગુરુવારે મતદાન પૂર્ણ થયા બાદ તરત જ મતગણતરી શરૂ થઈ હતી અને શનિવારથી પરિણામો જાહેર થવા લાગ્યા હતા.

જેમાં સૌથી મોટું પરિણામ RSPના ૩૫ વર્ષીય વડાપ્રધાન પદના ઉમેદવાર બાલેનનું રહ્યું છે, જેમણે નેપાળના સૌથી મોટા પક્ષોમાંના એક CPN-UML ના અધ્યક્ષ અને ચાર વખત વડાપ્રધાન રહી ચૂકેલા કે.પી. શર્મા ઓલીને ઝાપા-૫ મતવિસ્તારમાં આશરે ૫૦,૦૦૦ મતોના જંગી અંતરથી હરાવ્યા છે.

સ્થાપિત પક્ષો પ્રત્યે જનતાના નકારાત્મક મૂડને જોતા બાલેન નેપાળના આગામી વડાપ્રધાન બને તેવી પૂરેપૂરી સંભાવના છે. તેઓ આ હિમાલયી રાષ્ટ્રના પ્રથમ મધેશી વડાપ્રધાન અને દેશના સંસદીય ઈતિહાસમાં આ પદ સંભાળનાર સૌથી યુવા નેતા હશે. બીજી તરફ, નેપાળી કોંગ્રેસ (NC) ૧૭ બેઠકો સાથે બીજા ક્રમે છે, જ્યારે પદભ્રષ્ટ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીની CPN-UML માત્ર સાત બેઠકો જીતી શકી છે. નેપાળ કમ્યુનિસ્ટ પાર્ટીએ સાત બેઠકો, શ્રમ સંસ્કૃતિ પાર્ટીએ ત્રણ અને રાષ્ટ્રીય પ્રજાતંત્ર પાર્ટીએ એક બેઠક જીતી છે, જ્યારે એક અપક્ષ ઉમેદવાર વિજેતા થયા છે.

### રાષ્ટ્રપતિના પ્રોટોકોલનો...

તેમણે તેમની મુલાકાત દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમના મંત્રીઓની ગેરહાજરીની પણ નોંધ લીધી હતી. ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય સચિવને મોકલવામાં આવેલા પત્રમાં રાષ્ટ્રપતિના આગમન સમયે મુખ્યમંત્રી, મુખ્ય સચિવ અને ડીજીપીની ગેરહાજરી અંગે જવાબ માંગવામાં આવ્યો છે, જે બ્લુ બુકના નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે. કેન્દ્રએ એ હકીકતની પણ નોંધ લીધી છે કે તેમના સ્વાગત માટે માત્ર સિલિગુડીના મેયર જ હાજર હતા. આક્ષેપોના જવાબમાં મમતાએ કહ્યયું છે કે અમે કોઇ પ્રોટોકોલ ભંગ કર્યો નથી. કાર્યક્રમના સ્થળે જે અંધાધૂંધી સર્જાઇ તે માટે કાર્યક્રમના આયોજક ખાનગી એજન્સીઓ જવાબદાર છે એમ મમતાએ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે કાર્યક્રમનું સ્થળ તમે પસંદ કર્યું હતું.

પ્રોટોકોલ મુજબ, રાષ્ટ્રપતિના સ્વાગત માટે મુખ્યમંત્રી અથવા રાજ્ય સરકારના મંત્રી હાજર રહેતા હોય છે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આ ઘટનાને કમનસીબ ગણાવી હતી અને કહ્યું હતું કે સર્વોચ્ચ બંધારણીય પદને હંમેશા ગરિમા મળવી જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળ સરકાર પર રાષ્ટ્રપતિનું અપમાન કરવાનો આરોપ લગાવતા આ ઘટનાને શરમજનક અને અભૂતપૂર્વ ગણાવી હતી. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી અને બસપા પ્રમુખ માયાવતીએ પણ આ પ્રોટોકોલ ભંગ પર ચિંતા વ્યક્ત કરી હતી અને બંધારણીય પદોનું રાજકીયકરણ ન કરવા અનુરોધ કર્યો હતો.

### રાષ્ટ્રપતિનું અપમાન...

નેતાનું અપમાન કરવા બદલ પક્ષને ક્યારેય માફ નહીં કરે. શનિવારે ઉત્તર બંગાળના સિલિગુડીમાં આદિવાસી સંથાલ સમુદાયના એક સંમેલનના સ્થળમાં ફેરફાર અને રાષ્ટ્રપતિની મુલાકાત દરમિયાન બેનર્જી તથા તેમના કેબિનેટ મંત્રીઓની ગેરહાજરી અંગે રાષ્ટ્રપતિ મુર્મુએ નારાજગી વ્યક્ત કરી હતી, જેના સંદર્ભમાં વડાપ્રધાને આ ટિપ્પણી કરી હતી.

### ઇન્ટરમીડિયેટ AIRમાં સુરતના 3 અને ફાઉન્ડેશનમાં 1 વિદ્યાર્થી

# ટી-20માં વિશ્વમાં ભારત અને CA પરિણામમાં ભારતમાં સુરત છવાયું

### રાઘવ ગુપ્તાએ ફાઉન્ડેશનમાં 361 ગુણ મેળવી દેશભરમાં ત્રીજું સ્થાન મેળવ્યું, પ્રક્ષાલ જૈનનું ઇન્ટરમીડિયેટમાં દેશમાં ચોથું સ્થાન



સુરતઃ એક તરફ ટીટ્વેન્ટી વિશ્વકપમાં ભારતની ટીમ વિજેતા બની હતી તો સીએના જુદા જુદા પરિણામમાં સમગ્ર ભારતમાં સુરત છવાઇ ગયું હતું. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા લેવાયેલી સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામોમાં સુરતના વિદ્યાર્થીઓએ ફરી એકવાર ઉત્તમ પ્રદર્શન કર્યું છે. ખાસ કરીને મૂળ રાજસ્થાનના પ્રવાસી વિદ્યાર્થીઓએ નોંધપાત્ર સફળતા મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે. ઈન્ટરમીડિયેટમાં ત્રણ અને ફાઉન્ડેશનમાં એક વિદ્યાર્થીએ ઓલ ઈન્ડિયા રેન્ક યાદીમાં સ્થાન મેળવી સુરતને રાષ્ટ્રીય ઓળખ અપાવી છે.

ICAI દ્વારા જાન્યુઆરીમાં લેવાયેલી બંને પરીક્ષાના પરિણામો રવિવારે વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યા હતા. પરિણામ જાહેર થતા જ સુરતના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી. સુરત બ્રાન્ચના અધ્યક્ષ સીએ રાહુલ અગ્રવાલે જણાવ્યું કે, આ વખતે સુરતમાંથી 3060 વિદ્યાર્થીઓએ ફાઉન્ડેશન પરીક્ષા આપી હતી, જેમાંથી 660 વિદ્યાર્થીઓ સફળ થયા છે. ઈન્ટરમીડિયેટના બોથ ગ્રુપમાં 1064 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 123 બોથ ગ્રુપ, 61 પ્રથમ ગ્રુપ અને 38 વિદ્યાર્થીઓ બીજા ગ્રુપમાં પાસ થયા છે. માત્ર પ્રથમ ગ્રુપ માટે 1005 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 190 વિદ્યાર્થીઓ પાસ થયા છે, જ્યારે બીજા ગ્રુપ માટે 466માંથી 96 વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે.



### 1. ટેસ્ટથી મળ્યો આત્મવિશ્વાસ

સતત ટેસ્ટ આપતા રહેતાં તૈયારીનું સ્તર સમજાતું રહ્યું. જ્યાં ખામી જણાઇ ત્યાં તરત સુધારો કર્યો. શિક્ષકોની સલાહ માની અને દરેક વિષયને સમાન સમય આપ્યો, જેના કારણે સારા ગુણ અને રેન્ક પ્રાપ્ત થઈ.

**- રાઘવ ગુપ્તા, એઆઈઆર 3, ફાઉન્ડેશન**



### 2. રિવિઝન બન્યું સફળતાનું મંત્ર

દરેક વિષયનું વારંવાર રિવિઝન કર્યું અને નાની-નાની નોટ્સ તૈયાર કર્યા. જેના કારણે પરીક્ષા સમયે અભ્યાસ સરળ બની ગયો. શિક્ષકોના માર્ગદર્શનથી યોગ્ય દિશા મળી અને પરિણામ ઉત્તમ રહ્યું.

**- પ્રક્ષાલ જૈન, એઆઈઆર 4, ઇન્ટરમિડિયેટ**



### 3. તમામ વિષયોને સમાન મહત્વ

કોઈ એક વિષય પર વધારે અને બીજા પર ઓછું ધ્યાન ન આપ્યું. નિયમિત અભ્યાસ, ટેસ્ટ અને શિક્ષકોની સલાહ સાથે સંતુલિત તૈયારી કરી, જેના કારણે સારા ગુણ પ્રાપ્ત થયા.

**- પંથ રડડિયા, એઆઈઆર 14, ઇન્ટરમિડિયેટ**



### 4. માર્ગદર્શનથી મળી રેન્ક

દૈનિક અભ્યાસ માટે નક્કી સમયપત્રક બનાવ્યું અને તે મુજબ તૈયારી કરી. શિક્ષકોની દરેક સલાહને અપનાવી. સતત રિવિઝન અને ટેસ્ટને કારણે આત્મવિશ્વાસ વધ્યો અને ઉત્તમ પરિણામ પ્રાપ્ત થયું.

**- વિવેક જૈન, એઆઈઆર 25, ઇન્ટરમિડિયેટ.**

### ઇન્ટરમીડિયેટમાં 14મો અને 25મો ઓલ ઇન્ડિયા રેન્ક

વેસુ સ્થિત પેનોરામિક એજ્યુકેશનના માર્ગદર્શન હેઠળ ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં પંથ રડડિયાએ 461 ગુણ મેળવી દેશભરમાં 14મો રેન્ક મેળવ્યો છે. જ્યારે મૂળ રાજસ્થાનના જસવંતગઢના વિવેક જૈને 447 ગુણ સાથે 25મો રેન્ક મેળવ્યો છે. આ ઉપરાંત નિશી અગ્રવાલ (403), આદિલ શેખ (371), બબલુ કુમાવત (366) અને સજના શેખ (362) ગુણ સાથે સફળ થયા છે. પંથે કોસ્ટ અકાઉન્ટિંગ વિષયમાં 100માંથી 90 ગુણ મેળવ્યા છે. આ સંસ્થામાંથી 50થી વધુ વિદ્યાર્થીઓ સીએ ફાઇનલ સુધી પહોંચ્યા છે.

### ફાઉન્ડેશનમાં તેહરીન કોઠીવાળાના 400માંથી 332

ફાઉન્ડેશનની 400 ગુણની પરીક્ષામાં તેહરીન કોઠીવાળા (332), સકીના ચાહવાળા (329), ઈશા શાહ (311), યશ કનાણી (308), શુભ ઇટાલિયા (307), સાહિલ નિર્વાણ (304), સત્યમ ચાંડક (303), જિલ શાહ (298), રાધિકા મુન્દ્રા (295), ધ્રુવિન વોરા (293) અને હેત પટેલ (292) ગુણ સાથે સફળ થયા છે. આ સંસ્થામાંથી 145 વિદ્યાર્થીઓ ઇન્ટરમીડિયેટ અને 240 વિદ્યાર્થીઓ ફાઉન્ડેશન પરીક્ષામાં પાસ થયા છે.

### ફાઉન્ડેશનમાં સુરતનો રાઘવ ગુપ્તાનો દેશભરમાં ત્રીજો ક્રમ

ઘોડદોડ સ્થિત સીએ આદિત્ય છાવછરિયાના માર્ગદર્શન હેઠળ મૂળ રાજસ્થાનના સીકરના રાઘવ ગુપ્તાએ ફાઉન્ડેશન પરીક્ષામાં 400માંથી 361 ગુણ મેળવી દેશભરમાં ત્રીજો ક્રમ મેળવ્યો છે. રાઘવને કોસ્ટ અકાઉન્ટિંગમાં 97, ઇકોનોમિક્સમાં 92, અકાઉન્ટિંગમાં 89 અને બિઝનેસ લો વિષયમાં 83 ગુણ મળ્યા છે. તેમના સાથે સંસ્થાના અન્ય ઘણા વિદ્યાર્થીઓ પણ ફાઉન્ડેશન પરીક્ષામાં સફળ રહ્યા છે.

### ઇન્ટરમીડિયેટમાં દેશભરમાં ચોથું સ્થાન

ઘોડદોડ સ્થિત સીએ રવિ છાવછરિયા ના માર્ગદર્શન હેઠળ મૂળ રાજસ્થાનના જાલોર જિલ્લાના કરડા ગામના પ્રક્ષાલ જૈને ઇન્ટરમીડિયેટની 600 ગુણની પરીક્ષામાં 494 ગુણ મેળવી દેશભરમાં ચોથું સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત સી.વી. ચંદ્રશેખરન (416), હિમાંશુ નાયક (388), પ્રવીણ જોશી (381), જિજ્ઞેશ ભંડારી (380), રૂશાન શેખ (375), પ્રિન્સ સિંહ (373), હર્ષ ન્યાતિ (372), અભિષેક સુથાર (367) અને અભિષેક શાહ (362) ગુણ સાથે પરીક્ષા પાસ થયા છે.

### સીએ ઇન્ટરમીડિયેટમાં સુરતના ટોપર્સ

**વિદ્યાર્થીનું નામ**
પ્રક્ષલ જૈન (એઆઈઆર-૪)
પંથ રાદડિયા (એઆઈઆર-૧૪)
વિવેક જૈન (એઆઈઆર-૨૫)

### સીએ ફાઉન્ડેશનમાં સુરતના ટોપર્સ

વિદ્યાર્થીનું નામ
રાઘવ ગુપ્તા (એઆઈઆર-૩)
ખાન મો.કૈફ મુશાહિદખાન
યથા જૈન